# Visit of External Affairs Minister of India to Qatar (December 27-28, 2020)

December 28, 2020

## ભારતના એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટર ની કતારની મુલાકાત (27-28 ડિસેમ્બર, 2020)

ડિસેમ્બર 28, 2020

એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટર ડો. એસ. જયશંકરે કતારની 27-28 ડિસેમ્બર, 2020 દરમિયાન બે દિવસની એક સંપૂર્ણ મુલાકાત લીધી હતી. કતાર રાજ્યના હિઝ હાઈનેસ આમિર અને ફાધર આમિર તેમજ કતાર રાજ્યના વડાપ્રધાન અને ઈન્ટિરિયર મિનિસ્ટરને પણ મળ્યા અને નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ડો.એસ.જયશંકરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો એક વ્યક્તિગત સંદેશો હિઝ હાઈનેસ શ્રી આમિર શેખ તમિમ બિન હમાદ અલ થાનીને આપતા તેમને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું અને કોવિડ -19 મહામારી દરમિયાન ભારતીય સમુદાયની સંભાળ રાખવા બદલ કતારનો આભાર વ્યક્ત કર્યો હતો. આમિરે વહેલી તારીખે ભારત આવવાનું આમંત્રણ પણ સ્વીકાર્યું હતું. તેમણે વડાપ્રધાન સાથેની તેમની ટેલિફોન વાતચીતને પણ યાદ કરી હતી કે જે દરમિયાન બંને નેતાઓએ રોકાણ અને એનર્જી પર ટાસ્ક ફોર્સ રચવાનું નક્કી કર્યું હતું. બંને પક્ષો આ નિર્ણયને અમલમાં મૂકવાની તૈયારી માં જ છે.

હિઝ હાઈનેસ ફાધર આમિર શેખ હમાદ બિન ખલીફા અલ થાનીએ કતારમાં ભારતીય સમુદાયના યોગદાનની પ્રશંસા કરી હતી અને પોતાની ભારતની મુલાકાત ને પણ યાદ કરી હતી. ઈએમએ ભારત-કતાર સંબંધો અંગે તેમના સતત માર્ગદર્શન બદલ તેમનો આભાર માન્યો હતો. તેમણે વૈશ્વિક અને પ્રાદેશિક વિકાસ અંગેની તેમની દૂરંદેશી દૃષ્ટિ માટે પણ ફાધર આમિર ની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાન અને ઈન્ટિરિયર મિનિસ્ટર શ્રી શેખ ખાલીદ બિન ખલીફા બિન અબ્દુલાઝિઝ અલ થાની અને ઈએએમ વચ્ચે દ્વિપક્ષીય આર્થિક અને સુરક્ષા સહયોગને મજબૂત બનાવવાની ચર્ચા થઈ હતી.

ઈએએમએ નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન શ્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જાસીમ અલ થાની સાથે દ્વિપક્ષીય તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી. બંને મંત્રીશ્રીઓએ ઉર્જા, વ્યાપાર, ઈન્વેસ્ટમેન્ટ, ફૂડ પ્રોસેસિંગ, હેલ્થ કેર, શિક્ષણ, સંસ્કૃતિ, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં બહુઆયામી દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના માર્ગ પર ચર્ચા કરી હતી. તેઓ બહુઆયામી વિવિધ ફોરા પર પરસ્પર હિતના તમામ મુદ્દાઓ પર નિયમિત પરામર્શ અને સંકલન જાળવી રાખવા સંમત થયા હતા. ઈએએમે કતારના નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાનને 2021 ના વર્ષમાં જોઈન્ટ કમિશનની પહેલી મીટીંગ માટે ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટર દ્વારા કતારના ઉદ્યોગપતિઓ, કતાર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના ચેરમેન અને બોર્ડ મેમ્બર્સ તેમજ કતારના ઉદ્યોગપતિઓ સાથે વાતચીત પણ કરવામાં આવી હતી. ઈએએમએ ભારત સાથેની વ્યાપારિક ભાગીદારી માટેની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી અને તેમને આત્મનિર્ભાર ભારત દ્વારા નવી તકો વિશે માહિતગાર કર્યા હતા.

ઈએમે કતારમાં ભારતીય સમુદાય સાથે વર્ચ્યુઅલ મોડથી વાતચીત કરી. તેમણે કોવિડ -19 પડકારને પહોંચી વળવા માટે ભારતીય સમુદાયના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. ઈએએમે કતારી ભાગીદારો એ-વન બાલાઘ ગ્રુપ સાથે ભારતીય કંપની એલ એન્ડ ટી દ્વારા બનાવવામાં આવેલા અહેમદ બિન અલી ફિફા સ્ટેડિયમની મુલાકાત લીધી હતી. તેમણે કતારના રાષ્ટ્રીય સંગ્રહાલયની પણ મુલાકાત લીધી હતી.

**દોહા**
**28 ડિસેમ્બર, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.